# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/017 Dt. 25/06/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## યોગ, યોગગુરૂઓ વગર અધૂરુ છે, વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે ચેમ્બરના લેડીઝ વીંગ દ્વારા ૬૦ જેટલા યોગ ગુરૂઓનું સન્માન કરાયું

### જીવન વિકાસ ટ્રસ્ટના ૧૦થી ૨૫ વર્ષના ૧૫ જેટલા દિવ્યાંગ બાળકોએ યોગાસનો કરી યોગ માત્ર શરીર માટે નહીં પણ મન અને આત્મા માટે પણ ઊર્જાનો સ્ત્રોત છે તેનું જીવંત ઉદાહરણ પૂરું પાડયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના લેડીઝ વીંગ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે રવિવાર, તા. ૨૨ જૂન ૨૦૨૫ના રોજ સવારે ૯:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે યોગ ગુરૂ સન્માન સમારોહ યોજાયો હતો, જેમાં મુખ્ય મહેમાન તરીકે સુરતના પૂર્વ મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા ઉપસ્થિત રહયા હતા. આ સમારોહમાં ૬૦ જેટલા યોગ ગુરૂઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વર્ષોથી યોગની શિક્ષા આપતા યોગગુરૂઓએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, જેમણે સમાજના અનેક લોકોને સ્વસ્થ, શિસ્તબદ્ધ અને સંતુલિત જીવન જીવવા માટે પ્રેરિત કર્યા છે. લોકોને યોગની શિક્ષા આપી છે તેઓનો સન્માન કરીને ચેમ્બર દ્વારા સમાજ વતિ તેઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

ચેમ્બરના લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી મયૂરીબેન મેવાવાલાએ જણાવ્યું હતું કે, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગના વૈશ્વિક પ્રચારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેઓએ યોગને વૈશ્વિક માન્યતા

અપાવી છે, આથી આજે સમગ્ર વિશ્વ યોગને અપનાવી રહ્યું છે અને તેના અસંખ્ય લાભો અનુભવી રહ્યું છે, આથી મહાન યોગ માર્ગદર્શકો – યોગ ગુરૂઓનું સન્માન કરવાના હેતુથી સમારોહ યોજાયો હતો, જેમાં ૬૦ જેટલા યોગ ગુરૂઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

સુરતના પૂર્વ મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ જણાવ્યું હતું કે, આજના યુગમાં આપણે બધા મોડર્ન બની ગયા છે પણ આજે પણ યોગનું મહત્વ છે. અત્યારના યુગમાં તો યોગનું મહત્વ વધી ગયું છે. યોગ આપણને સામાજિક, માનસિક અને આધ્યાત્મિક રીતે જીવનમાં નવી સૃષ્ટિનું સર્જન કરવાની એક પ્રેરણા આપે છે.

આ પ્રસંગે જીવન વિકાસ ટ્રસ્ટના ૧૦થી ૨૫ વર્ષના ૧૫ જેટલા દિવ્યાંગ બાળકોએ પોતાની અનોખી ક્ષમતાઓ સાથે યોગ પ્રદર્શન દ્વારા સૌને પ્રેરીત કર્યા હતા. આ બાળકોએ યોગાસનો કરી યોગ માત્ર શરીર માટે નહીં પણ મન અને આત્મા માટે પણ ઊર્જાનો સ્ત્રોત છે તેનું જીવંત ઉદાહરણ પૂરું પાડયું હતું.

આ પ્રસંગે શ્રી પંકજ મહેશ્વરીના યોગ ધારા પુસ્તકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી તથા સભ્યો અને યોગ ગુરૂઓ સમારોહમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના લેડીઝ વીંગના વાઇસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસીએ સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. શ્રીમતી પુનમબેન બોડાવાલાએ સમારોહનું સંચાલન કર્યું હતું. લેડીઝ વીંગના એડવાઇઝર શ્રીમતી રેશ્માબેન માંડલેવાલા તથા સભ્યોએ સમારોહને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.